SAMVAD E-JOURNAL
ISSN (Online): 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, July to September : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ઉચ્ચ શિક્ષણમાં મહિલા શિક્ષણ કાર્યબળનું વધતું પ્રતિનિધિત્વ- AISHE 2010-11 થી 2023-24 સુધીનો વિશ્લેષણાત્મક અભ્યાસ

*Rushita Vinodbhai Kher*


## 1. *સારાંશ (Abstract)*

*ભારતમાં ઉચ્ચ શિક્ષણના વિસ્તરણ સાથે મહિલા શિક્ષકોની ભાગીદારીમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળે છે. આ સંશોધનનો મુખ્ય હેતુ All India Survey on Higher Education (AISHE)ના 2010-11 થી 2023-24 સુધીના ઉપલબ્ધ આંકડાઓના આધારે ઉચ્ચ શિક્ષણના શૈક્ષણિક કાર્યબળમાં મહિલાઓના પ્રતિનિધિત્વ, વૃદ્ધિ અને જાતિગત અસમાનતાના વલણનુ વિશ્લેષણ કરવાનો છે. અભ્યાસમાં મુખ્યત્વે ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. AISHEના પ્રારંભિક અહેવાલ મુજબ 2010-11 માં પ્રતિ 100 પુરુષ શિક્ષકો સામે માત્ર 59 મહિલા શિક્ષકો હતા, જ્યારે 2023-24 માં આ પ્રમાણ વધીને 82 થયું છે. 2023-24 માં કુલ 17.3 લાખ શિક્ષક કારીબલમાંથી આશરે 44.9% મહિલાઓ હતી. 2014-15 માં મહિલા શિક્ષકોની સંખ્યા 5.7 લાખની આસપાસ હતી, જે 2023-24 માં વધીને 7.8 લાખ થઈ છે. અભ્યાસ સૂચવે છે કે ઉચ્ચ શિક્ષણના શિક્ષણ કાર્યબળમાં મહિલાઓની સંખ્યાત્મક ભાગીદારીમાં લાંબા ગાળે સુધારો થયો છે. તેમ છતાં, ઉચ્ચ શૈક્ષણિક હોદ્દાઓ- ખાસ કરીને એસોસિયેટ પ્રોફેસર અને પ્રોફેસરમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ હજુ પણ પુરુષોની સરખામણીએ ઓછું છે. તેથી માત્ર મહિલાઓની સંખ્યામાં વધારો થવો પૂરતો નથી; ભરતી, બઢતી, નેતૃત્વ અને નિર્ણયપ્રક્રિયામાં પણ સમાન પ્રતિનિધિત્વ જરૂરી છે.*


*મુખ્ય શબ્દો: AISHE, મહિલા શિક્ષકો, ઉચ્ચ શિક્ષણ, મહિલા પ્રતિનિધિત્વ, જાતિગત અસમાનતા.*

## 2. પ્રસ્તાવના (Introduction)

ઉચ્ચ શિક્ષણ કોઈપણ દેશના માનવ મૂડી નિર્માણ, જ્ઞાન ઉત્પાદન, સંશોધન અને સામાજિક-આર્થિક વિકાસનું મહત્વપૂર્ણ સાધન છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષકવર્ગની રચના માત્ર શૈક્ષણિક ગુણવત્તા માટે જ નહિ પરંતુ સમાનતા અને સામાજિક ન્યાય માટે પણ મહત્વપૂર્ણ છે. તેમા મહિલાઓનું પ્રતિનિધિત્વ ખાસ મહત્વ ધરાવે છે, કારણ કે મહિલા શિક્ષકો વિદ્યાર્થીઓ માટે પ્રેરક મૂર્તિ તરીકે કાર્ય કરી શકે છે અને સંસ્થાઓમાં વધુ સમાવેશી શૈક્ષણિક વાતાવરણ ઊભું કરી શકે છે.

ભારતમાં ઉચ્ચક શિક્ષણમાં મહિલાઓની ભાગીદારી છેલ્લા દાયકાઓમાં વધી છે. પરંતુ આ વૃદ્ધિ માત્ર વિદ્યાર્થી પ્રવેશ સુધી મર્યાદિત નથી; શિક્ષક તરીકે મહિલાઓની ભાગીદારીમાં પણ પરિવર્તન આવ્યું છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવતું All India Survey on Higher Education (AISHE) ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, બિન-શૈક્ષણિક કાર્યબળ, આંતરમાળખાકીય અને અન્ય વિવિધ પાસાંઓ અંગે વ્યાપક માહિતી આપે છે. AISHE ની શરૂઆત 2011 માં થઈ હતી અને પ્રથમ સર્વેમાં 2010-11 ના વર્ષનો ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો.

2010-11 માં ભારતમાં પ્રતિ 100 પુરુષ શિક્ષકો સામે માત્ર 59 મહિલા શિક્ષકો હતા. આ આંકડા દર્શાવે છે કે શરૂઆતના તબક્કે ઉચ્ચ શિક્ષણના શૈક્ષણિક કાર્યબળમાં પુરુષોનું પ્રભુત્વ નોંધપાત્ર હતું. તે જ અહેવાલમાં આસિસ્ટન્ટ પ્રોફેસર સ્તરે 100 પુરુષ સામે 63 મહિલાઓ અને એસોસિયેટ પ્રોફેસર સ્તરે 100 પુરુષ સામે 45 મહિલાઓ અને પ્રોફેસર સ્તરે 100 પુરુષો સામે 34 મહિલાઓ જોવા મળી હતી. એટલે કે, હોદ્દો જેટલો ઉચ્ચ, મહિલાઓનું પ્રતિનિધિત્વ તેટલું ઓછું હતું.

આથી AISHEના લાંબા ગાળાના આંકડાઓના આધારે એ તપાસવું જરૂરી બને છે કે મહિલા શિક્ષકોના પ્રતિનિધિત્વમાં કેટલો વધારો થયો છે, આ વધારો કયા તબક્કે થયો છે અને શું આ વધારો ઉચ્ચ શૈક્ષણિક હોદ્દાઓ સુધી પણ પહોંચ્યો છે.


*Rushita Vinodbhai Kher, Ph.D Scholar, Department Of Economics, Maharaja rishnakumarsinhji Bhavnagar University*

## 3. સંશોધન સમસ્યા

ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓની સંખ્યામાં વધારો થવા છતાં શું મહિલાઓને પુરુષોની સમાન શૈક્ષણિક કારકિર્દી તકો પ્રાપ્ત થાય છે? શું આસિસ્ટન્ટ પ્રોફેસરથી એસોસિયેટ પ્રોફેસર અને પ્રોફેસર સુધી જતાં મહિલાઓનું પ્રતિનિધિત્વ સતત જળવાઈ છે?

2010-11 થી 2023-24 દરમિયાન ભારતમાં ઉચ્ચ શિક્ષણના શૈક્ષણિક કાર્યબળમાં મહિલાઓના પ્રતિનિધિત્વમાં કેટલો વધારો થયો છે અને વિવિધ શૈક્ષણિક હોદ્દાઓ પર આ વધારાનું સ્વરૂપ કેવું રહ્યું છે?

## 4. સંશોધનના હેતુઓ

1) 2010-11 થી 2023-24 દરમિયાન ઉચ્ચ શિક્ષણમાં કુલ શૈક્ષણિક કાર્યબળમાં મહિલાઓના પ્રતિનિધિત્વનો અભ્યાસ કરવો
2) આસિસ્ટન્ટ પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર અને પ્રોફેસર જેવાં શૈક્ષણિક હોદ્દાઓમાં મહિલાઓના પ્રતિનિધિત્વનો અભ્યાસ કરવો
3) મહિલા શિક્ષકોના પ્રતિનિધિત્વમાં થયેલા વધારાના વલણોનું વિશ્લેષણ કરવું
4) મહિલા શિક્ષકોની સંખ્યાત્મક વૃદ્ધિ અને ઉચ્ચ શૈક્ષણિક હોદ્દાઓ પર તેમના પ્રતિનિધિત્વ વચ્ચેનો તફાવત સમજવો
5) ઉચ્ચ શિક્ષણમાં મહિલા પ્રતિનિધિત્વ વધારવા માટે નીતિગત સૂચનો રજૂ કરવા

## 5. સંશોધન પ્રશ્નો

1) 2010-11 થી 2023-24 દરમિયાન ઉચ્ચ શિક્ષણમાં મહિલા શિક્ષકોનું પ્રતિનિધિત્વ કેટલું વધ્યું?
2) મહિલા શિક્ષકોની સંખ્યામાં વૃદ્ધિનો દર કેવો રહ્યો?
3) શું મહિલા પ્રતિનિધિત્વમાં વધારો તમામ શૈક્ષણિક હોદ્દાઓ પર સમાન રહ્યો છે?
4) આસિસ્ટન્ટ પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર અને પ્રોફેસર સ્તરે મહિલાઓની સ્થિતિમાં શું તફાવત છે?
5) 2010-11ની સરખામણીમાં 2023-24 માં લિંગ તફાવત કેટલો ઘટ્યો છે?

## 6. સાહિત્ય સમીક્ષા

Morely (2013) એ ઉચ્ચ શિક્ષણમાં મહિલા નેતૃત્વ અને સંસથાકીય માળખાનું વિશ્લેષણ કર્યું હતું, તેમના અભ્યાસ મુજબ મહિલાઓની સંખ્યાત્મક હાજરી વધવા છતાં નેતૃત્વના માળખામાં આપમેળે જતી તટસ્થ બનતી નથી. ઉચ્ચ શૈક્ષણિક પદોમાં મહિલાઓના ઓછા પ્રતિનિધિત્વને સમજવા માટે મહત્વપૂર્ણ છે.

Morely (2014) એ વૈશ્વિક શૈક્ષણિકમાં 'Lost Leaders' ની સમસ્યાને રજૂ કરી, મહિલાઓ શૈક્ષણિક કાર્યબળમાં પ્રવેશ કરે છે પરંતુ નેતૃત્વ અને નિર્ણય-પ્રક્રિયા સુધી પહોંચવામાં સંસ્થાકીય અવરોધોનો સામનો કરવો પડે છે.

Ologeh et al. (2022) એ AISHE 2010-11 થી 2018-20 ના ડેટાના આધારે ભારતમાં રોજગાર ક્ષેત્રે કર્મચારીમાં જાતીય તફાવતનું વિશ્લેષણ કર્યું. આ અભ્યાસમાં જુનિયર સ્ટાફમાં મહિલાનું પ્રતિનિધિત્વ વધતું અને જાતીય તફાવત ઘટતું હોવાનું જોવા મળ્યું, જ્યારે સિનિયર સ્ટાફમાં જાતીય તફાવત વધુ રહ્યો.

Mayya et al. (2021) તેમણે ભારતીય ઉચ્ચ શિક્ષણમાં મહિલા કાર્યબળના ઉચ્ચ વહીવટી પદો તરફની તૈયારીનો મિશ્ર પદ્ધતિથી અભ્યાસ કર્યો. તેમાં 136 મહિલા કર્મચારીના અભ્યાસમાં ઉચ્ચ વહીવટી હોદ્દા સ્વીકારવામાં વિવિધ અવરોધો જોવા મળ્યા. આ અભ્યાસ દર્શાવે છે કે ઉચ્ચ વહીવટી પદોમાં માત્ર લાયકાત હોવી પૂરતી નથી.

Banker & Banker ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં મહિલા નેતૃત્વ અંગેના 2015 અને 2018 ના સંસ્થાકીય ડેટા દ્વારા મહિલા સંચાલિત સંસ્થાઓનું પ્રમાણ અત્યંત ઓછું હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આ પુરાવો શૈક્ષણિક કાર્યબળમાંથી નેતૃત્વ સુધીની પાઇપલાઇનમાં રહેલા અંતરને દર્શાવે છે.

Khanna & Mukherjee (2024) એ ભારતીય ઉચ્ચ શિક્ષણમાં મહિલા શિક્ષકોનું આંતરવિભાગીય વિશ્લેષણ કર્યું. અભ્યાસ મુજબ કાર્યબળમાં પ્રતિનિધિત્વમાં સુધારો હોવા છતાં ઉચ્ચ શૈક્ષણિક સ્તરે મહિલાઓનું પ્રતિનિધિત્વ નોંધપાત્ર રીતે ઓછું છે.

Murlidhar & Ananthanaryan (2024) ભારતીય શિક્ષણના STEM ક્ષેત્રના 98 યુનિવર્સિટી/સંસ્થાઓના અભ્યાસમાં મહિલા ફેકલ્ટીની કુલ પ્રતિનિધિત્વ ઘણી સંસ્થાઓમાં ઓછી હોવાનું દર્શાવ્યું હતું.

Arora & Tiwary (2024) ભારતીય ઉચ્ચ શિક્ષણમાં મહિલા ભાગીડરી અને ગ્લાસ સીલિંગ ઘટનાનું વિશ્લેષણ કર્યું. આ અભ્યાસ મુજબ મહિલા કાર્યબળની કારકિર્દી વિકાસ અને ઉચ્ચ હોદ્દાઓ સુધી પહોંચવામાં રહેલા અવરોધોને સમજવા માટે ઉપયોગી છે.

Nandi et al. (2025) ભારતીય ઉચ્ચ શિક્ષણમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કાર્યબળની સ્થિતિના જાતીય તફાવતનું વિશ્લેષણ કર્યું હતું. તેમના અભ્યાસ મુજબ વિવિધ કર્મચારીના સ્તરમાં જાતીય તફાવત ઘટ્યો છે. છતાં કેટલીક વિશિષ્ટ સ્થિતિમાં અસમાનતા યથાવત હોવાનું દર્શાવવામાં આવ્યું.

AISHE (2011,2026) AISHE 2010-11 અને 2023-24 ના સત્તાવાર અહેવાલો માટે પ્રાથમિક- ગૌણ માહિતી સ્ત્રોત છે, બંને વર્ષના ડેટ દ્વારા મહિલા પ્રતિનિધિત્વની શરૂઆતની અને તાજેતરની સ્થિતિની તુલના કરી શકાઈ છે.

## 7. સંશોધન અંતર

મહિલાઓની ઉચ્ચ શિક્ષણમાં ભાગીદારી વધી છે, જુનિયર સ્ટાફમાં જાતિગત તફાવત ઘટ્યો છે, ઉચ્ચ વહીવટીય અને નેતૃત્વના પદોમાં જાતીય તફાવત હજુ વધુ ગંભીર છે.

## 8. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ વર્ણનાત્મક, તુલનાત્મક રહેશે અને સંપૂર્ણપણે ગૌણ માહિતી આધારિત રહેશે. ગૌણ માહિતીમાં વિવિધ સંશોધન અહેવાલો અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રકાશિત All India Survey on Higher Education ના વાર્ષિક અહેવાલોનો ઉપયોગ કરવામાં આવશે. માહિતીના વિશ્લેષણ માટે ટકાવારીનો ઉપયોગ કરવામાં આવશે. માહિતીના વર્ગીકરણ માટે કોષ્ટકનો ઉપયોગ કરવામાં આવશે.

## 9. માહિતીનું વિશ્લેષણ

કોષ્ટક 1

ભારત 2010-11 માં હોદ્દા પ્રમાણે મહિલા પ્રતિનિધિત્વ

| હોદ્દો | પુરુષ | મહિલા | કુલ | મહિલા % |
|---|---|---|---|---|
| પ્રોફેસર | 67,372 | 23,026 | 90,398 | 25.47 |
| એસોસિયેટ પ્રોફેસર | 67,727 | 30,565 | 98,292 | 31.10 |
| આસિસ્ટન્ટ પ્રોફેસર | 293,991 | 184,290 | 478,281 | 38.53 |

સ્ત્રોતઃ AISHE 2010-11.

વિશ્લેષણઃ ૨૦૧૦-૧૧ માં ભારતમાં મહિલાઓનું સૌથી વધુ પ્રતિનિધિત્વ આસિસ્ટન્ટ પ્રોફેસર સ્તરે હતું. એસોસિયેટ પ્રોફેસર અને પ્રોફેસર સ્તરે મહિલાઓનું પ્રતિનિધિત્વ ઘટતું હતું.

કોષ્ટક 2

ભારત 2023-24 માં હોદ્દા પ્રમાણે મહિલા પ્રતિનિધિત્વ

| હોદ્દો | પુરુષ | મહિલા | કુલ | મહિલા % |
|---|---|---|---|---|
| પ્રોફેસર | 70,424 | 33,604 | 1,04,028 | 32.30 |
| એસોસિયેટ પ્રોફેસર | 73,009 | 49,426 | 1,22,435 | 40.37 |
| આસિસ્ટન્ટ પ્રોફેસર | 98,509 | 78,066 | 1,76,575 | 44.21 |

સ્ત્રોતઃ AISHE 2023-24.

વિશ્લેષણઃ 2023-24 માં ત્રણેય શૈક્ષણિક પદ પર મહિલાઓ પ્રમાણમાં સુધારો જોવા મળે છે. જુનિયર પદથી સિનિયર પદ તરફ મહિલાઓનું પ્રમાણ ઘટે છે, પરંતુ 2010-11 ની સરખામણીમાં દરેક સ્તરે મહિલા પ્રતિનિધિત્વ વધારે છે.

કોષ્ટક 3

ભારતમાં 2010-11 થી 2023-24 સુધીમાં મહિલાઓના પ્રતિનિધિત્વ પ્રમાણમાં થયેલો સુધારો

| હોદ્દો | મહિલા% 2010-11 | મહિલા % 2023-24 | સુધારો % માં |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| પ્રોફેસર | 25.47 | 32.30 | +6.83 |
| એસોસિયેટ પ્રોફેસર | 31.10 | 40.37 | +9.27 |
| આસિસ્ટન્ટ પ્રોફેસર | 38.53 | 44.21 | +5.68 |

સ્ત્રોત : AISHE 2010-11, 2023-24.

વિશ્લેષણ: આ કોષ્ટકમાં સૌથી મહત્વનું કારણ એ છે કે એસોસિયેટ પ્રોફેસર સ્તરે મહિલાઓના પ્રમાણમાં સૌથી મોટો સુધારો થયો છે. પ્રોફેસર અને આસિસ્ટન્ટ પ્રોફેસર સ્તરે પણ સુધારો થયો છે.

## 10. તુલનાત્મક ચર્ચા

- મહિલાઓના પ્રમાણમાં સર્વાંગી સુધારો થયો છે. પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર,એસોસિયેટ પ્રોફેસરમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધ્યું છે. એસોસિયેટ પ્રોફેસર સ્તરે મહિલાના પ્રમાણમાં 9.27% નો વધારો થયો છે. આ સુધારો ખાસ મહત્વપૂર્ણ છે. 2023-24 માં પ્રોફેસર સ્તરે મહિલાઓનો હિસ્સો 32.30% છે, એટલે પુરુષોનો હિસ્સો 67.70% રહે છે. ઉચ્ચ શૈક્ષણિક પદમાં હજુ પણ જાતીય સમાનતા પ્રાપ્ત થઈ નથી.

## 11. મુખ્ય તારણો

- 2010-11 થી 2023-24 દરમિયાન ભારતમાં ત્રણેય શૈક્ષણિક પદોમાં મહિલાઓના પ્રમાણમાં વધારો થયો છે.
- પ્રોફેસરમાં મહિલાઓનું પ્રમાણ 25.47% થી વધીને 32.30% થયું છે.
- એસોસિયેટ પ્રોફેસરમાં મહિલાઓનું પ્રમાણ 31.10% થી વધીને 40.37% થયું છે.
- આસિસ્ટન્ટ પ્રોફેસરમાં મહિલાઓનું પ્રમાણ 38.53% થી વધીને 44.21% થયું છે.
- આસિસ્ટન્ટ પ્રોફેસર સ્તરે મહિલાઓનું પ્રતિનિધિત્વ 2023-24 માં લગભગ સમાનતા નજીક પહોંચ્યું છે, પરંતુ ઉચ્ચ શૈક્ષણિક પદ પર હજી નોંધપાત્ર જાતિગત તફાવત છે.
- પ્રોફેસર સ્તરે મહિલાઓનું પ્રમાણ સૌથી ઓછું છે. તેથી ઉચ્ચ શૈક્ષણિક સીડીમાં કારકિર્દી વિકાસ સબંધિત પડકારો હજુ અસ્તિત્વમાં હોવાનું સૂચવે છે.

## 12. સૂચનો

- મહિલાઓની ભરતી વધારવા સાથે આસિસ્ટન્ટ પ્રોફેસરથી એસોસિયેટ પ્રોફેસર અને પ્રોફેસર સુધીની પ્રગતિનું મૂલ્યાંકન કરવું.
- ડીન, વિભાગ અધ્યક્ષ, કુલપતિ અને અન્ય નેતૃત્વના પદ માટે મહિલા નેતૃત્વ વિકાસના પોગ્રામ શરૂ કરવા જોઈએ.
- ભરતી અને બઢતિની કામગીરી પારદર્શક બનાવવી જોઈએ.

## 13. સંશોધનની મર્યાદા

- અભ્યાસ ગૌણ માહિતી પર આધારીત છે.
- AISHE ડેટા મહિલાઓના પ્રતિનિધિત્વમાં ફેરફાર દર્શાવે છે, પરંતુ તેના કારણો સીધા સાબિત કરતું નથી.

## 14. નિષ્કર્ષ

AISHE 2010-11 અને 2023-24 ના તુલનાત્મક વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં ઉચ્ચ શિક્ષણના શૈક્ષણિક કાર્યબળમાં મહિલાઓના પ્રતિનિધિત્વમાં નોંધપાત્ર સકારાત્મક પરિવર્તન થયું છે. પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર અને આસિસ્ટન્ટ પ્રોફેસર- ત્રણેય પદમાં મહિલાઓનું પ્રમાણ 2010-11 ની સરખામણીમાં 2023-24 માં વધ્યું છે. પરંતુ આ સુધારો સંપૂર્ણ જાતિગત સમાનતા દર્શાવતો નથી. ભારતીય ઉચ્ચ શિક્ષણના કાર્યબળમાં મહિલાઓની સંખ્યાત્મક ભાગીદારીમાં નોંધપાત્ર સુધારો થયો છે, પરંતુ ઉચ્ચ શૈક્ષણિક પદ સુધી તેમની કારકિર્દી વિકાસમાં રહેલો તફાવત હજુ પણ મહત્વપૂર્ણ છે.

## 15. સંદર્ભ સૂચિ

All India Survey on Higher Education.(2011). *All India Survey on Higher Education 2010-11.* Ministry of Human Resource Development, Goverment of India.

All India Survey on Higher Education.(2026). *All India Survey on Higher Education 2023-24: Final Report.* Ministry of Education, Government of India.

Arrora, R.,& Tiwary, A. (2025). Participation of Women in the Higher Educational sector of India. *Journal of Agricultural development and Policy,* 34(*1*), 150-157.

https://doi.org/10.63066/23220457.34.1.019

Khanna, G.,& Mukherjee, M.(2024). Intersectionality and Women Academics in Indian Higher Education. *Journal of Underrepresented & Minority progress,* 8(*1*), 176-203.

https://doi.org/10.32674/44yesy16

Mayya, s. s.,Martis, M., Ashok, L.,& Monteiro, A.D. (2021). Women in Higher Education: Are they ready to take up Administrative Positions? A mixed-methods approach to identify the Barriers, Perceptions and expectations. *SAGE Open,* 11(*1*).

https://doi.org/10.1177/2158244020983272

Morely, L. (2013). The Rules of the game: Women and the leaderist turn in Higher education. *Gender and Education.* 25(*1*), 116-131.

https://doi.org/10.1080/09540253.2012.740888

Morely, L. (2014). Lost Leaders: women in the global academy. *Higher Education Research & Development,* 33(*1*), 114-128.

https://doi.org/10.1080/07294360.2023.864611

Muralidhar, S.,& Ananthanarayan, V. (2024). Women's Representation in Indian Academia and Confereces. *Communications Biology*, 7, Article 389.

https://doi.org/10.1038/s42003-024-06058-z

Nandi, A., Karmakar, S., Das, T., Halder, T., Bagdi, A.,& Haque, L. (2025). Gender gap in faculty position at Higher Education Institutions in India: A decadel overview. *In Gender Gap In Faculty Position at Higher Education Institutions in India: A Decadel Overview,*(207-244). IGI Global Scientific publishing.

https://doi.org/10.4018/979-8-3373-6345-5.ch007

Ologeh, I., Mandal, K.,& Kshitij, A.(2022). Assessment of Gender Parity in Faculty Employment at Higher Education Institutions in india. *Journal of Education and Practice,* 13(*13*), 20-27.

https://doi.org/10.7176/JEP/13-13-03